# USDTના બહાને 10 લાખની લૂંટ કરનારી ટોળકીનો સૂત્રધાર ઝબ્બે

**ટોળકીએ** USDT વેચવાનો વિશ્વાસ કેળવી આયોજનબદ્ધ રીતે લૂંટ ચલાવી હતી, મુખ્ય આરોપી હર્ષ ગોટી ત્રણ મહિને ઝડપાયો

સુરત વરીયાવ, છાપરાભાઠા રોડ સ્થિત RBH કોમ્પ્લેક્ષમાં USDT ખરીદવા બોલાવી ફરીયાદી અને સાહેદોને માર મારી કરી રોકડા રૂ.10 લાખની લૂંટ કરી ફરાર થયેલી ટોળકીના મુખ્ય આરોપીને અમરોલી પોલીસે ત્રણ મહિના બાદ ઝડપી લઈને મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે.

ટેકનિકલ વર્કઆઉટ દરમિયાન અમરોલીમાં ત્રણ મહિના અગાઉ થયેલા ગંભીર લૂંટના ગુનામાં મહત્વની માહિતી હાથ લાગી હતી. RBH કોમ્પ્લેક્ષ, વરીયાવ, છાપરાભાઠા રોડ ખાતે USDT ખરીદવા માટે ફરીયાદીને બોલાવી પૂર્વયોજિત ષડ્યંત્ર મુજબ, ફરીયાદી તથા તેની સાથેના સાહેદો પર હુમલો કરી મારામારી કરવામાં આવી હતી. આરોપીઓએ ફરીયાદી પાસેથી રોકડા રૂ. 10,00,000/- લૂંટી લીધા અને ફરાર થઈ ગયા હતા.

આ ગંભીર ગુનામાં મુખ્ય આરોપી તરીકે હર્ષ દિનેશભાઈ ગોટી (ઉંમર 20, રહે. મોહનદીપ સોસાયટી, શેરી નં. 3, આંબાતલાવડી, કતારગામ) ત્રણ મહિનાથી નાસતો ફરતો હતો. ઈન્ટેલિજન્સ ઈનપુટના આધારે આરોપી અમદાવાદમાં હોવાની ખાતરી મળતા અમરોલી પોલીસની ટીમે અમદાવાદ પહોંચી આરોપી હર્ષ ગોટીને દબોચી લીધો. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે USDT અને અન્ય ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનના નામે લોકોનો વિશ્વાસ કેળવી લૂંટ કરવાનું આ ટોળકીનું આયોજનબદ્ધ કૌભાંડ હતું.

સુરત જિલ્લા સિટી સરવે કચેરીમાં ભ્રષ્ટાચારનું ગોઠવાયેલું તંત્ર?

# લાંચિયા કર્મીઓની સંપત્તિની તપાસ માટે ACBમાં ફરિયાદની તજવીજ

**નાયબ** નિયામક કંટ્રોલર ઓફિસર તરીકે તદ્દન ફેલ, નાયબ નિયામક દ્વારા ફાળવાયેલા સ્ટાફને પણ ગાંઠતા નથી

સુરતઃ સુરત જિલ્લા સિટી સર્વે કચેરીની કામગીરીને લઈને ગંભીર આક્ષેપો સામે આવી રહ્યા છે. સિટી સર્વેમાં કોઈ પણ કામ પૈસા વગર આગળ વધતું નથી, ભલે અરજદાર પાસે યોગ્ય દસ્તાવેજો હોય કે ઉચ્ચ સ્તરની ભલામણ કેમ ન હોય. આવા સ્ટાફની અપ્રમાણસર મિલકતની તપાસ માટે એસીબીમાં ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરાઇ રહી છે.

સિટી સર્વે કામગીરીમાં સ્ટાફ દ્વારા સ્પષ્ટ રીતે ભાવતાલ કરવામાં આવી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો 'વહીવટ' આપવામાં આવે તો કેસ ઝડપથી પૂરો કરવામાં આવે છે, જ્યારે વહીવટ ન આપનાર અરજદારોના કેસો તકરારી કે ટેકનિકલ બહાને વર્ષો સુધી લટકાવવામાં આવે છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે નાયબ નિયામક દ્વારા જે સ્ટાફને સિટી સર્વે માટે ફાળવવામાં આવે છે, તેને પણ આંતરિક સ્ટાફ દ્વારા સહકાર આપવામાં આવતો નથી. પરિણામે કચેરીનું વહીવટી માળખું સંપૂર્ણ રીતે ખોરવાઈ ગયું હોવાનું માલુમ પડી રહ્યું છે.

કંટ્રોલર ઓફિસર તરીકે નાયબ નિયામકની ભૂમિકા પર પણ સવાલો ઊભા થયા છે. સિટી સર્વેની કામગીરી પર યોગ્ય દેખરેખ અને નિયંત્રણ રાખવામાં તેઓ તદ્દન નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે, એવી ચર્ચા વ્યાપક બની છે. પૂર્વ ડીએએલઆર ઓફિસર અનંત પટેલ બાદ સિટી સર્વે અને સંબંધિત કચેરીઓમાં ભાવતાલ નક્કી કરવાની નેતાગીરી સિટી સર્વે સુપ્રિ.-૨ કરતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સુપરિટેન્ડન્ટ દ્વારા જ કયા કેસને ટેકનિકલ રીતે ઝડપથી પૂરો કરવો અને કયા કેસને લાંબો ખેંચવો, તે નક્કી કરવામાં આવે છે એવી ગંભીર ચર્ચાઓ સામે આવી રહી છે.

### રાજકીય ભલામણ પણ બેઅસર, સિસ્ટમ સંપૂર્ણ લચીલી

સિટી સર્વે કચેરીમાં હાલ એવી સ્થિતિ સર્જાઈ છે કે રાજકીય વ્યક્તિઓની ભલામણ પણ પૂરતી સાબિત થતી નથી. અરજદારો પાસેથી વહીવટની અપેક્ષા રાખવામાં આવે છે, નહીં તો કેસ આગળ વધતો નથી. આ પરિસ્થિતિ દર્શાવે છે કે સિટી સર્વેનું વહીવટી તંત્ર સંપૂર્ણપણે ખાલી અને નિષ્ફળ બની ગયું છે.

### કલેક્ટર અને પ્રાંત દ્વારા કડક વોચ જરૂરી

આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, સુરત જિલ્લાના કલેક્ટર અને પ્રાંત અધિકારીઓ દ્વારા સિટી સર્વે કચેરી પર કડક વોચ રાખવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે. જો સમયસર તપાસ અને કાર્યવાહી નહીં થાય તો ભ્રષ્ટાચારનું આ ગોઠવાયેલું તંત્ર વધુ મજબૂત બનવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

# કેપિટલ ખર્ચના 4900 કરોડના લક્ષ્યાંક સામે માત્ર 40 ટકા ખર્ચ

**ચાલુ** વર્ષે લાંબા સમય સુધી પડેલા વરસાદને કારણે પણ મનપાનાં વિકાસ કાર્યો ખોરવાયાં

સુરત : સુરત મહાનગરપાલિકામાં નાણાકીય વર્ષ 2026-27ના બજેટની નજીકના સમયમાં નવા વિકાસકાર્યો સાથે જાહેરાત થવાની શક્યતા છે. ચૂંટણી વર્ષ હોવાને કારણે આ વર્ષે બજેટમાં મનપા તરફથી મોટી જાહેરાતો થવાની અપેક્ષા છે, પરંતુ બીજી બાજુ ચાલુ વર્ષના બજેટના આંકડાઓ મનપાની નાણાકીય કામગીરી પર પ્રશ્ન ઉભા થઈ રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાં મનપા દ્વારા કેપિટલ ખર્ચ માટે કુલ 4900 કરોડ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. જોકે, હવે નવા બજેટના દિવસો નજીક આવી ગયા છતાં આશરે 1900 કરોડ રૂપિયા એટલે કે માત્ર 40 ટકા જેટલો જ ખર્ચ થઈ શક્યો છે. બાકી રહેલા ત્રણ મહિનામાં 3000 કરોડ રૂપિયાનો ખર્ચ કરવો હાલની પરિસ્થિતિમાં મુશ્કેલ જણાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ રિવાઈઝ બજેટમાં કેપિટલ ખર્ચ ઘટાડીને ગોઠવણ કરવાની ફરજ પડી શકે છે.

મનપા દ્વારા હાલમાં અનેક મોટા વિકાસ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં મનપાની મુખ્ય કચેરી માટેનું આઈકોનિક બિલ્ડિંગ, ડુમસ સી-ફેસ, બેરાજ પ્રોજેક્ટ, કતારગામ ઓડિટોરિયમ, ગાંધી સ્મૃતિ ભવન તેમજ નવા વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનના કામોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટોમાં ખર્ચની રકમ મોટી હોવા છતાં મોટાભાગના કામોની ગતિ ધીમી રહેતા મનપાના ખર્ચનું ગણિત બગડ્યું છે. ચાલુ વર્ષે લાંબા સમય સુધી પડેલા વરસાદને કારણે પણ વિકાસ કાર્યો પર અસર પડી છે. મનપાએ જે મુજબ આયોજન કર્યું હતું તે પ્રમાણે કામો સમયસર પૂર્ણ થઈ શક્યા નથી. ડુમસ સી-ફેસ જેવા મહત્વના પ્રોજેક્ટનું એક ફેસ જાન્યુઆરીમાં શરૂ થવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હવે તે કામ આગામી ત્રણથી ચાર મહિના સુધી ચાલે તેવી શક્યતા છે.

આ તમામ કારણોસર કેપિટલ ખર્ચ અપેક્ષા મુજબ વધ્યો નથી. પાછલા વર્ષોના કેપિટલ ખર્ચના આંકડાઓ પર નજર કરીએ તો 2021-22 માં 1869 કરોડ, 2022-23 માં 2515 કરોડ, 2023-24 માં 3203 કરોડ અને 2024-25 માં 3401 કરોડ રૂપિયા વિકાસ કાર્યો માટે ખર્ચવામાં આવ્યા હતા. આ આંકડાઓની સરખામણીમાં ચાલુ વર્ષમાં મોટો વધારો દર્શાવીને બજેટ બનાવાયું હતું, પરંતુ જમીન પર કામગીરીની ગતિ એ વધારાને સાબિત કરી શકી નથી.

### આ કોઈ ગાર્ડન કે પાર્ક નથી, આ છે સુરતનું પોલીસ સ્ટેશન



તસવીર જોતા પહેલી નજરે એવું લાગે કે આ કોઈ પર્યાવરણપ્રેમી ધનેશ્રીનું ફાર્મહાઉસ હશે. સૂર્યપુત્રી તાપી નદીનો રમણીય કિનારો, ઠંડી આહ્લાદક હવા, લીલોતરી, વિગેરે આંખ-મનને શાતા આપતા પ્રાકૃતિક પરિબળો જાણે ભળતી જ જગ્યાએ મૂકી દેવાયા હોય એવી પ્રતીતિ આનું સરનામું જાણ્યા પછી થાય. આ છે અશ્વિનીકુમાર પોલીસ મથક, જેનું આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરાયું. અલબત્ત ગૃહમંત્રીએ પોલીસને જે રીતે માનવતાવાદી, સેવાકીય અભિગમ અપનાવવા આગ્રહ કર્યો, તેના પરથી એવું લાગે કે અહીં જવામાં ખાસ વાંધો નહીં આવે. (તસવીરઃ હેમંત ડેરે)

૩૧ ડિસે.ના આડે હવે ગણતરીના દિવસો બાકી

# આવક છુપાવશો તો કાર્યવાહી માટે તૈયાર રહેજો

**ઈન્કમટેક્સ**-જીએસટી વિભાગ કરચોરો સામે કાર્યવાહી કરવા તૈયાર

સુરતઃ ૩૧ ડિસેમ્બરના આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કરનારાઓમાં દોડધામ વધી ગઈ છે. આ છેલ્લા ચાર દિવસ ફાઇલ કરવા માટેનું આઈટી પોર્ટલ પણ બરાબર મથાવશે. ૩૧ ડિસેમ્બર બાદ આયકર વિભાગ અને જીએસટી વિભાગ કરચોરી કરનારા અને જીએસટી નહીં ભરનારાની બેન્ડ વગાડશે. વર્ષ ૨૦૨૪-૨૫માં રિટર્ન ભરનારાઓનું ડેટા એનાલિસ કરવામાં આવશે. આ સાથે જીએસટી વિભાગ પણ વેપારીઓના વ્યવસાય અને ટર્નઓવર પર સતત નજર રાખી રહ્યું છે. વેચાણ રકમ રોકડમાં હોય, બેંક મારફતે, યુપીઆઈથી કે અન્ય કોઈ ડિજિટલ માધ્યમથી દરેક પ્રકારના ટ્રાન્ઝેક્શનનો ડેટા વિભાગ પાસે ઉપલબ્ધ રહે છે. આવી સ્થિતિમાં વેચાણ છુપાવવું અને ટેક્સ ચોરી કરવી હવે સરળ નથી. રોકડમાં વ્યવહારો પણ સંપૂર્ણપણે સુરક્ષિત નથી. કારણ કે બેંકિંગ અને અન્ય નાણાકીય સ્ત્રોતોથી માહિતી જે-તે વિભાગ સુધી પહોંચી જાય છે. જીએસટી રિટર્નમાં ઓછું ટર્ન ઓવર બતાવવામાં આવે અને ઇન્કમ ટેક્સ રિટર્નમાં વધુ ટર્નઓવર દર્શાવવામાં આવે, તો તે સીધો સંદેહ ઊભો કરે છે. આ તમામ ડેટા આયકર વિભાગ અને જીએસટી વિભાગના આંગળીના ટેરવે છે. ઇન્કમટેક્સ અને જીએસટી વિભાગ ૩૧ ડિસેમ્બર પછી તેમની પાસે ઉપલબ્ધ આધુનિક ડેટા ટૂલ્સ અને વિશ્લેષણ પદ્ધતિઓ દ્વારા રોકડ વ્યવહારો, બેંક મારફતે, યુપીઆઈથી કે અન્ય કોઈ ડિજિટલ માધ્યમથી થયેલાં ટ્રાન્ઝેક્શનનો ડેટા રિટર્ન સાથે ફંફોસી કરચોરોની સામે નોટિસ ઈસ્યુ સહિત સર્ચ સરવેની કાર્યવાહી પણ કરી શકે છે.

### GSTની લિમિટના ડાયરામાં નહીં આવવા માટે વેપારી-દુકાનદારોના અખતરા

જીએસટી નંબર ધરાવતા અને જીએસટીની લિમિટના ડાયરામાં નહીં આવવા માટે વેપારી-દુકાનદારો નીતનવા અખતરા કરતા હોય છે, જેમાં એક સરળ અખતરો એ છે કે પોતાના ધંધાના સ્થળે બેથી વધુ ક્યુઆર કોડ મૂકી દે છે. એક તો પોતાના વેપારના નામના બેન્ક એકાઉન્ટનો ક્યુઆર કોડ અને બીજા ફેમિલી મેમ્બરોના નામના સેવિંગ્સ એકાઉન્ટનો ક્યુઆર કોડ મૂકી દેવામાં આવે છે. કેટલાક ધંધાર્થીઓ તો પોતાને ત્યાં કામ કરતાં વિશ્વાસપાત્ર નોકર કે કર્મચારીનો ક્યુઆર કોડ મૂકીને ધંધો કરતા હોય છે. ખાસ કરીને આવું ટેક્સટાઈલના વેપારમાં વધુ જોવા મળે છે. ધંધાની આવક જીએસટીની જોગવાઈ મુજબ લિમિટની બહાર ન જાય અથવા તો જીએસટી નંબર ધરાવનારને વધુ જીએસટી ચૂકવવો ન પડે.

### આઈટી રિટર્નમાં લોન મેળવવા વધુ આવક બતાવનારનાં રિટર્ન ફંફોસવામાં આવશે

આ અંગે જીએસટી પ્રેક્ટિશનર વકીલોને પણ વધુમાં વધુ લોકો કાયદેસરની વ્યાખ્યામાં આવીને ધંધો કરે એમ તેઓના અસીલને સમજણ આપવા માટે સુચના આપતા હોય છે. એમ છતાં આવા કરદાતાઓને શોધી કાઢવા માટે ઘણી વખત જીએસટી વિભાગ દ્વારા ઇન્કમટેક્સના ડેટા ઉપર પણ વર્કઆઉટ કરવામાં આવતું હોય છે. ખાસ કરીને એવા આઈટી રિટર્ન પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે કે જે ધંધા અર્થે કે અન્ય કામકાજ અર્થે મોટી રકમની લોન મેળવવા માટે વધુ નફો બતાવવા વધુ આવક બતાવતા હોય છે. આવા રિટર્નની જીએસટી વિભાગ દ્વારા ઝીણવટપૂર્વક તપાસ ૩૧મી ડિસેમ્બર પછી શરૂ કરી દેશે.

# રશિયન હીરાને 1 જાન્યુ.થી G7, યુરોપિયનના દેશોમાં 'નો એન્ટ્રી'

**રશિયન** હીરા EUમાં પ્રવેશ ન કરે તેની ખાતરી કરવા આયાતકારોએ કડક નિયમોનું પાલન કરવાનું રહેશે, સુરત નેચરલ ડાયમંડ ઉદ્યોગને ફટકો પડી શકે

સુરત : 0.50 સેન્ટથી મોટા તૈયાર હીરા માટે G 7 અને યુરોપિયન યુનિયનનાં દેશોએ ભારતને આપેલી રાહતો 31 ડિસેમ્બર 2025 ના રોજ પૂરી થાય છે. રશિયન હીરાને 1 જાન્યુઆરી 2026 થી G7 અને યુરોપિયનના દેશોમાં 'નો એન્ટ્રી' જાહેર કરવામાં આવી છે. રશિયન હીરા EUમાં પ્રવેશ ન કરે તેની ખાતરી કરવા માટે આયાતકારોએ 1 જાન્યુઆરીથી કડક નિયમોનું પાલન કરવાનું રહેશે. ભારતમાં સુરત અને મુંબઈની ડાયમંડ કંપનીઓ વર્ષે 2 બિલિયન રશિયન રફ ડાયમંડનું ખરીદી રશિયન માઈનિંગ કંપની અલરોસા અને અન્ય સ્ત્રોતથી કરે છે. આ પ્રતિબંધથી સુરતના હીરા ઉદ્યોગકારોને ફટકો પડી શકે છે. વળી 2026 માટે કિમ્બર્લી પ્રોસેસ (KP) ના ચેરપર્સનની જવાબદારી ભારતને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે, રશિયન કોન્ફલિક્ટ ડાયમંડ પકડવાની જવાબદારી પણ ભારતના માથે આવી પડી છે. એક તરફ અમેરિકા સાથે ભારતના સંબંધો 50% ટેરિફને લીધે બગડ્યા છે તો બીજી તરફ ભારત અને રશિયાના સંબંધોમાં ખૂબ સુધાર થયો છે. રશિયાથી મંજૂર કરાયેલા હીરા EUમાં પ્રવેશ ન કરે તેની ખાતરી કરવા માટે આયાતકારોએ કડક નિયમોનું પાલન કરવાની જરૂર પડશે.

### ડિજિટલ ટ્રેસેબિલિટી સિસ્ટમનો ઉપયોગ કરવાની સલાહ

G 7 અને EU ના દેશોએ આ પગલા સાથે સ્વ-પ્રમાણિત ઘોષણાઓની સાથે ડિજિટલ ટ્રેસેબિલિટી સિસ્ટમનો ઉપયોગ કરવાની સલાહ આપી છે. 1 જાન્યુઆરીથી વેપારીઓએ જાહેર કરવું પડશે કે તેમના શિપમેન્ટમાં રહેલા બિન-ઔદ્યોગિક, કુદરતી પોલિશ્ડ હીરાનું ખાણકામ, નિષ્કર્ષણ, અથવા ઉત્પાદન સંપૂર્ણપણે અથવા આંશિક રીતે રશિયન ફેડરેશનમાં કરવામાં આવ્યું નથી. ભલે તે અન્યત્ર અન્ય દેશોના ઉત્પાદનોમાં નોંધપાત્ર રીતે રૂપાંતરિત થયા હોય. લગભગ બે વર્ષ પહેલાં રશિયાના યુક્રેન પરના આક્રમણના જવાબમાં, G7 અને EU રાષ્ટ્રોએ સૌપ્રથમ 1 જાન્યુઆરી 2024ના રોજ રશિયન હીરા પર પ્રતિબંધ રજૂ કર્યો હતો.

# પાંડેસરામાં લોન સલાહકારની ઓફિસમાંથી રોકડની ચોરી

સુરતઃ પાંડેસરામાં આવેલી લોન સલાહકારની ઓફિસની બારી ખુલ્લી હોવાનો લાભ લઈ ચોર સોફા પર મુકેલા રૂપિયા ચોરી કરી નાસી છૂટ્યો હતો. પાંડેસરા જીઆવ વિસ્તારમાં આવેલા સાઈ મોહન ફ્લેટ્સમાં રહેતા ગિરિશકુમાર મસ્તરામ પાંડે પાંડેસરા તિરુપતી પ્લાઝામાં લોકોને બેન્ક લોન લેવા માટે સલાહકાર તરીકે કામકાજ કરવાની ઓફિસ ચલાવે છે. ઓફિસની ખુલ્લી બારી પાસે પડેલા સોફા ઉપર રૂ.18,000 રોકડા રૂપિયા મૂકેલા હતા. મંગળવારની રાત્રિએ કોઈ અજાણ્યો ચોર ઓફિસમાં પ્રવેશી રોકડ ચોરી કરીને નાસી છૂટ્યો હતો. ઓફિસ ખોલતા સોફા પરથી રૂપિયા ગાયબ હોવાનું જણાતાં ગિરિશકુમાર પાંડેએ તપાસ કરતાં ચોરી થયાનો ખ્યાલ આવ્યો હતો. ઘટનાની જાણ થતા પાંડેસરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી હતી.

# વિશ્વાસ પર ચાલતા હીરા વેપારમાં વિશ્વાસઘાત

**વરાછામાં** 30 લાખના નેચરલ હીરા લઈ પેમેન્ટ ન આપનાર બે સામે ફરિયાદ

સુરતઃ વરાછા વિસ્તારમાં હીરા લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી પાસેથી રૂ.30 લાખથી વધુ કિંમતના હીરા લઈ સમયસર પેમેન્ટ ન આપીને બે શખ્સે છેતરપીંડી આચરી હતી.

મોટા વરાછા મહાદેવ ચોક નજીક સિટી લાઈટ રો-હાઉસમાં રહેતા નિલેશભાઈ બાબુભાઈ પટેલ હીરા લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની વરાછા, માતાવાડી, ચોક્સી બજાર તથા રાજહંસ હાઈટ્સ ખાતે 'નીષા એક્સપોર્ટ'ના નામે ઓફિસો આવેલી છે. નિલેશભાઈ પટેલે આપેલી ફરિયાદ મુજબ આરોપી નીખિલભાઈ ચકુરભાઈ અંટાળા (રહે. શ્યાણી હાઈટ્સ, ગૌશાળા નજીક, અશ્વનીકુમાર રોડ, વરાછા) એ માર્ચ-2025 થી આજદિન સુધી નિલેશભાઈ પટેલને "સમયસર હીરાનું પેમેન્ટ કરાવી આપીશ" તેવી ખાતરી આપી હતી. આ વિશ્વાસના આધારે નીખિલભાઈએ પોતાના માણસ તેમજ પ્રકાશભાઈ બાબુભાઈ અંટાળા (ધંધો-મકાન બાંધકામ, રહે. શ્યાણી હાઈટ્સ, અશ્વનીકુમાર ગરનાળા પાસે, વરાછા)ને નિલેશભાઈ પટેલની ઓફિસે મોકલી નેચરલ ફેન્સી હીરા કુલ 64.68 કેરેટ મેળવ્યા હતા. આ હીરાની અંદાજિત કિંમત રૂ. 30,21,120 થતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમય વિત્યા બાદ હીરાની રકમ ચૂકવવામાં ન આવતાં નિલેશભાઈ પટેલે ઉઘરાણી કરવા છતાં આરોપીઓએ પેમેન્ટ કર્યું ન હતું. આ સમગ્ર બનાવ અંગે નિલેશભાઈ પટેલે વરાછા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે નીખિલભાઈ અંટાળા અને પ્રકાશભાઈ અંટાળા સામે છેતરપીંડીનો ગુનો દાખલ કરી તપા હાથ ધરી છે.

# સુરતમાં દિવસનું તાપમાન ઘટ્યું, રાત્રિનું વધ્યું

**મહત્તમ** તાપમાનમાં 0.6 ડિગ્રીનો ઘટાડો, લઘુત્તમ તાપમાનમાં 1.2 ડિગ્રીનો વધારો

સુરતઃ શહેરમાં ગઈકાલની સરખામણીએ આજે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. આજરોજ સુરતમાં દિવસનું તાપમાન થોડું ઘટ્યું છે, જ્યારે રાત્રિનું તાપમાન વધ્યું હોવાનું હવામાનના આંકડાઓ દર્શાવે છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ 26 ડિસેમ્બરે સુરતમાં મહત્તમ તાપમાન 32.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આજે 27 ડિસેમ્બરે ઘટીને 32.0 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. એટલે કે દિવસના તાપમાનમાં 0.6 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડાના કારણે બપોર દરમિયાન ગરમીની તીવ્રતા થોડી ઓછી અનુભવાઈ હતી. બીજી તરફ, રાત્રિના લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન 16.6 ડિગ્રી હતું, જે આજે વધીને 17.8 ડિગ્રી નોંધાયું છે. આમ, રાત્રિના તાપમાનમાં 1.2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે, જેના કારણે ઠંડકની તીવ્રતા થોડીઘણી ઓછી થઈ છે. ગઈકાલે ઉત્તર-પૂર્વ દિશામાંથી 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો હતો, જ્યારે આજે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી સમાન ઝડપે પવન નોંધાયો છે.

હવામાન નિષ્ણાતોના મતે, દિવસના તાપમાનમાં ઘટાડો અને રાત્રિના તાપમાનમાં વધારો એ શિયાળાની ઋતુમાં સામાન્ય ફેરફાર ગણાય છે. આગામી દિવસોમાં તાપમાનમાં હળવા ઉતાર-ચઢાવ સાથે ઠંડક ધીમે ધીમે અનુભવાશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વેદથી વેબ સુધીનો સંવાદઃ સુરતમાં 'ટેકવેદા મહોત્સવ-૨૦૨૫' સંપન્ન



સુરતઃ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદાર BCA કોલેજ, પાંડેસરા ખાતે ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આંતર-કોલેજ IT એક્સપો 'ટેકવેદા મહોત્સવ ૨૦૨૫' સફળતાપૂર્વક યોજાયો. કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત (IPS) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને રિસર્ચ અને ઇનોવેશન માટે પ્રેરણા આપી હતી. એક્સપોમાં કુલ ૪૧ ટીમે ભાગ લીધો હતો. બ્લૂમ્સ ટેક્સોનોમી આધારિત પ્રશ્નપત્ર જનરેશન પ્રોજેક્ટને પ્રથમ ઇનામ, જ્યારે ક્રેક ડિટેક્શન ટેકનિક અને ફ્રૂટ ફ્લક્સ પ્રોજેક્ટને અનુક્રમે દ્વિતીય અને તૃતીય ઇનામ પ્રાપ્ત થયું. સાયબર સિક્યોરિટી, AI આધારિત જીમ અને સોઇલ પ્લાસ્ટિક ડિટેક્શન જેવા પ્રોજેક્ટ્સને કોન્સોલેશન પ્રાઈઝ મળ્યા.

### મોહના અંધાપાના કારણે આજનો માનવ સુખમાં ચોંટી જાય છેઃ પદ્મદર્શનસૂરિજી મહારાજ



સુરતઃ વેસુ સ્થિત 'રામવિહાર' આરાધના ભવન ખાતે જૈનાચાર્ય પૂ. વિજય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગ સરિતા વહાવતા કહ્યું હતું કે, મોહના અંધાપાના કારણે આજનો માનવ સુખમાં ચોંટી જાય છે અને દુઃખમાં ડગી જાય છે. અત્યારે સુખના સમયમાં સગવડો અને શોખનું સ્મરણ થાય છે અને દુઃખના સમયમાં ભગવાન યાદ આવે છે. જે પ્રભુની કૃપાથી આપણને જે મળ્યું છે તે પ્રભુ માત્ર દુઃખના સમયમાં યાદ આવે તે આપણી કમજોરી છે. સુખનું સરનામું શોધવામાં માણસ જીવનનો કિંમતી સમય વેડફી રહ્યો છે. સુખ મળ્યા પછી પણ એના સદુપયોગને બદલે દુરુપયોગ જ વધુ થઇ રહ્યો છે. સુખના અવસરે ભગવાન ભુલાઈ રહ્યો છે. સુખલંપટો નાનકડું દુઃખ પણ સહન કરી શકતા નથી. સુખ સત્કાર અને દુઃખધિક્કાર એ માનવમનની મોટી નબળાઈ છે. પોતાની દુઃખમુક્તિ કે સુખપ્રાપ્તિ માટે બીજાઓને દુઃખોની આગમાં શેકાતા કે બળી જતાં રાખી દેવા એ ક્રૂરતાની પરાકાષ્ઠા ગણાય.

### શ્રી શ્યામ વંદના મહોત્સવ અને અમૃતમય અખાડો

સુરતઃ શ્રી શ્યામ સરકાર પરિવાર ટ્રસ્ટ સુરત ખાટુ દ્વારા આજે વિશાળ શ્રી શ્યામ વંદના મહોત્સવ અને અમૃતમય અખાડાનું આયોજન કરવામાં આવશે. ટ્રસ્ટના સંસ્થાપક યોગેશ બંસલે જણાવ્યું હતું કે, આ પ્રસંગે બાબા શ્યામનો ભવ્ય અને અલૌકિક દરબાર પર્વત પાટિયા સ્થિત જૈન મંદિર ગ્રાઉન્ડમાં સજાવવામાં આવશે. શણગારેલા દરબારની સમક્ષ બપોરે સવા ત્રણ વાગ્યે યજમાન દ્વારા અખંડ જ્યોત પ્રગટાવવામાં આવશે. ત્યારબાદ વિશાળ ભજન સંધ્યાનું આયોજન થશે, જેમાં સમગ્ર ભારતમાંથી 50 થી વધુ ગાયક કલાકારો ભજનોની પ્રસ્તુતિ આપશે. શ્યામ અખાડામાં પુષ્પ વર્ષા, અત્તરની ફૂહાર, મહાપ્રસાદ અને સવામણી પ્રસાદ જેવા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### આગામી તા.29મીએ વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલતનું આયોજન

સુરતઃ ટપાલ વિભાગ દ્વારા નાગરિકોની ટપાલ સેવા, પેન્શન અને નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) સંબંધિત ફરિયાદોના ત્વરિત નિરાકરણ માટે ખાસ અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ડાક અદાલત, અર્ધવાર્ષિક પેન્શન અદાલત અને એનપીએસ અદાલત યોજવામાં આવશે, જેમાં નીતિ વિષયક મુદ્દાઓ સિવાયની તમામ ફરિયાદોનું સ્થળ પર જ સાંભળીને નિકાલ કરવામાં આવશે. આ કાર્યક્રમ નાનપુરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડિંગના ત્રીજા માળે આવેલી સિનિયર સુપરિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસની કચેરીમાં તારીખ ૨૯ ડિસેમ્બરના રોજ બપોરે 3 વાગ્યાના સુમારે યોજાશે અને અર્ધવાર્ષિક પેન્શન અદાલત તથા એનપીએસ અદાલતનો સમય સાંજે ૪ વાગ્યાના સુમારે રાખવામાં આવ્યો છે. આ અદાલતમાં ટપાલ સેવાઓ જેમ કે, પાર્સલ ડિલિવરી, સ્પીડ પોસ્ટ વગેરે સંબંધિત સમસ્યાઓ તેમજ પેન્શન અને એનપીએસને લગતી ફરિયાદોનું ત્વરિત નિરાકરણ કરવામાં આવશે.

### અગ્રવાલ વિકાસ ટ્રસ્ટની મહિલા શાખા દ્વારા ડાન્સ વર્કશોપનું આયોજન

સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા 'તાલ સે તાલ મિલા' ત્રણ દિવસીય ડાન્સ વર્કશોપનું આયોજન મંગળવાર, ૧૬ ડિસેમ્બરથી સિટીલાઇટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસના વૃંદાવન હોલમાં કરવામાં આવ્યું હતું. મહિલા શાખાના અધ્યક્ષા રૂચિકા રૂંગટાએ જણાવ્યું કે, ડાન્સ વર્કશોપમાં કોરિયોગ્રાફર આકાંક્ષા દેસાઇ દ્વારા ડાન્સના અનેક સ્વરૂપો, જેમ કે ટ્રેડિશનલ, હિપ હોપ, વગેરેના મૂવ્સ શીખવવામાં આવશે. મંગળવારે વર્કશોપમાં સોથી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે મહિલા શાખાના પ્રીતિ ગોયલ, શાલિની ચૌધરી, આરતી મિત્તલ, સંગીતા અગ્રવાલ, નીતુ અગ્રવાલ સહિત અનેક સદસ્યો ઉપસ્થિત રહ્યાં.

### જીવનભારતી શાળામાં ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધા યોજાઇ

સુરત : તારીખ 11 અને 12 ડિસેમ્બરે જીવનભારતી મંડળના ઉપક્રમે ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધા યોજાઈ હતી, જે અંતર્ગત શ્રેણી 1 અને 2 માટે જોડકણાં ગાન , શ્રેણી 3 થી 5 માટે વાર્તાકથન, શ્રેણી 6 થી 8 માટે કાવ્યપઠન 9 થી 10 માટે અહેવાલ લેખન, શ્રેણી 11 થી 12 માટે કાવ્યલેખન અને પુસ્તક પરિચય તથા શિક્ષકો માટે કાવ્યલેખન અને પુસ્તકપરિચય સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓનું સમગ્ર આયોજન સંયોજક શ્રી મિતાબેન ઝવેરી, સહસંયોજક શ્રી મૃગાબેન વજીર તથા વિવિધ ભવનોના આચાર્યશ્રીઓ, નિરીક્ષકો ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. જીવનભારતી મંડળના મંત્રી શ્રી અજીતભાઈ શાહ તથા શ્રી મયંકભાઇ ત્રિવેદીએ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

### સુરત SGST વિભાગની પુરુષ વર્ગ અને મહિલા વર્ગની ક્રિકેટ સ્પર્ધાઓ યોજાઇ



સુરતઃ સુરત SGST વિભાગ દ્વારા 12 થી 14 ડિસેમ્બર વચ્ચે બાવાજી ક્રિકેટ સંકુલ સુરત ખાતે 27 મી પુરુષ આંતર વિભાગીય તથા 5 મી મહિલા આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં SGST મહિલા વર્ગમાં કુલ 7 અને પુરુષ વર્ગમાં કુલ 9 ટીમોએ ભાગ લીધો હતો.જેમાં પુરુષ વર્ગમાં સુરત સ્પાર્ટન્સ SGST રનર અપ અને MG એવેન્જર ફાઈનલમાં વિજેતા રહી હતી.જયારે મહિલા વર્ગમાં રોયલ ટાઇગર અમદાવાદની ટીમ વિજેતા બની હતી.

### પીડી વિદ્યાકુંજ અંગ્રેજી મિડીયમ સ્કૂલ દ્વારા મેથ્સના એપ્રેટ્સ પ્લે રજૂ થયા



સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પી.ડી. વિદ્યાકુંજ અંગ્રેજી માધ્યમમાં આચાર્યા મિસિસ જ્યોતિકા રામનાનીના આગેવાની હેઠળ મેથ્સના એપ્રેટ્સ પ્લે, (ગણિતની સાધનો દ્વારા રમત અને સમજણ ) મિ. શ્રીનિવાસ રામાનુજનો રોલ પ્લે અને સ્પીચ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.